રજૂ તારીખ : ૧૩.૦૬.૨૦૨૫
દાખલ તારીખ : ૧૩.૦૬.૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૨.૦૩.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક–..........

# સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૩૮/૨૦૨૫**

અરજદારઃ **વિવેક ઉર્ફે લાલો પુષ્કરરાય રણછોડદાસ દવે,**
ઉં.આ.૩૯ વર્ષ, ધંધોઃ કર્મકાંડ જ્યોતિષી,
રહેવાસીઃ બી–૨૦૧, શગુન રેસીડેન્સી,
પુણા બોમ્બે માર્કેટ રોડ,
પોષ્ટ ઓફિસની બાજુમા, પુણા ગામ, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી સી.કે.ઠક્કર
સામાવાળા તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી.ડોબરીયા

## ચૂકાદો

**(૧)** અરજદારે સી.આઈ.ડી. ક્રાઈમ સુરત ઝોન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૧૧/૨૦૧૯ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ૨૦૧, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા ધી પ્રાઈઝ ચીટ્સ મની સરક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના ગુનાના અનુસંધાને તેમના ફ્રીઝ કરવામાં આવેલ બેંક એકાઉન્ટ્સ અનફ્રિઝ કરવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ ની જોગવાઈ મુજબ હાલની અરજી કરેલ છે.

**(૨)** હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી. ડોબરીયા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારી દ્વારા આંક–૪ થી રજૂ કરવામાં આવેલ અભિપ્રાય વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

**(૩)** અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદર ગુનાને લગતી કોઈ રકમ તેમના ફ્રિઝ કરવામાંઆવેલ બંને ખાતામાં જમા કરાવવામાં આવેલ નથી; અરજદાર સદર બેંક ખાતા મારફત તેમના ધંધાકીય તેમજ રોજબરોજના નાણાંકીય વ્યવહારો કરતા આવેલ છે. ઉપરોક્ત ખાતા ફ્રિઝ કરવામાં આવેલ હોવાના કારણે તેમને ઘણી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ આર્થિક નુકસાન થઈ રહેલ છે. અરજદાર તરફે આંક–૯ ના પુરસીસથી, તેમના સ્વબચતના તેમજ અન્ય નાણાંકીય વ્યવહારો થઈ શકે તેવા ઉદ્દેશથી, અરજદારના બચાવને પૂર્વગ્રહ ન થાય તે રીતે, તેમના ઉપરોક્ત બંને ખાતામાં આજદિન સુધીની જમા રકમને અથવા તો કહેવાતા

Axio કોઈન પૂરતી કોઈ પણ રકમને લોક કરી, બાકીની રકમ અનફ્રિઝ કરવા રજૂઆત કરેલ છે. અરજદાર તરફે વધુમાં રજૂઆત કરવામાં આવેલ છે કે, તેઓ ઉપરોક્ત ખાતાનો કોઈ ગેરફાયદો ઉઠાવશે નહીં. આ તમામ હકીકતો ધ્યાને લઈ, તેમના ફ્રિઝ કરવામાં આવેલ બેંક ખાતા અનફ્રિઝ કરવા રજૂઆત કરેલ છે.

(૪) તપાસ કરનાર અધિકારીના આંક–૪ ના અભિપ્રાય આધારે વિ.એ.પી.પી.શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદારના ઉપરોક્ત ખાતામાં તારીખ ૨૪.૦૫.૨૦૧૭ થી તારીખઃ ૨૧.૦૯.૨૦૧૯ સુધીના સમયગાળામાં ₹૧૨,૬૯,૧૦૩/– જેટલી રકમના વ્યવહારો થયેલ છે. જો ઉપરોક્ત બંને ખાતા અનફ્રિઝ કરવામાં આવે તો ફરિયાદ પક્ષના કેસને નુકસાન થાય તેમ છે, જેથી અરજદારની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૫) અરજદારની અરજીની વિગતો તેમજ બંને પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીઓ તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, સી.આઈ.ડી. ક્રાઈમ સુરત ઝોન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૧૧/૨૦૧૯ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ૨૦૧, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા ધી પ્રાઈઝ ચીટ્સ મની સરક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના ગુના સબબ અરજદારના (૧) પંજાબ નેશનલ બેંક, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત શાખામાં આવેલ ખાતા નં.૦૪૩૯૦૦૧૩૦૦૦૦૪૩૩૨ તથા (૨) એચ.ડી.એફ.સી. બેંક, પરવત પાટીયા, સુરત શાખામાં આવેલ ખાતા નં.૫૦૧૦૦૨૦૨૫૯૯૮૮૯ ને

તપાસને કોઈ અસર ન થાય તે હેતુથી ફ્રિઝ કરવામાં આવેલ હતા. અરજદાર તરફેની રજૂઆત મુજબ, તેમના ઉપરોક્ત બેંક ખાતા ફ્રિઝ કરવામાં આવેલ હોવાના કારણે તેમને ઘણી તકલિફોનો સામનો કરવો પડી રહેલ છે. વધુમાં તેમણે તેમના ઉપરોક્ત ખાતામાં જમા રકમ લોક કરવા માટે આંક-૯ ના પુરસીસથી તૈયારી દર્શાવેલ છે. વિશેષમાં સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થતાં તેની જી.પી.આઈ.ડી. ફોજદારી મુકદ્દમા નં.૧૧/૨૦૧૯ થી ન્યાયિક કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે. તપાસ કરનાર અધિકારી દ્વારા સદર ગુનાને લગતા સંબંધીત તમામ દસ્તાવેજો કબજે લેવામાં આવેલ છે. આ સંજોગોમાં અરજદારના ઉપરોક્ત બંને ખાતા ચોક્કસ શરતોને આધીન અનફ્રિઝ કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી ઉપરોક્ત તમામ વિગતોને અનુલક્ષીને અરજદારની હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ-

## હુકમ

**૧.** અરજદારની જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૩૮/૨૦૨૫ આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** સી.આઈ.ડી. ક્રાઈમ સુરત ઝોન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૧૧/૨૦૧૯ ના કામે ફ્રિઝ કરવામાં આવેલ અરજદારના (૧) પંજાબ નેશનલ બેંક, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત શાખામાં આવેલ ખાતા નં.૦૪૩૯૦૦૧૩૦૦૦૦૪૩૩૨ તથા (૨) એચ.ડી.એફ.સી. બેંક, પરવત પાટીયા, સુરત શાખામાં આવેલ ખાતા નં.૫૦૧૦૦૨૦૨૫૯૯૮૮૯, **તેમાં આજની તારીખે જેટલી રકમ જમા હોય તે તમામ રકમ, બીજો હુકમ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે ફિક્સ ડિપોઝટ કરવાની શરતે,** અનફ્રિઝ કરવા સંબંધીત તપાસ કરનાર અધિકારીને નિર્દેશ આપવામાં આવે છે.

**૩.** સંબંધીત તપાસ કરનાર અધિકારીએ અરજદારના ઉપરોક્ત બંને ખાતાની જમા રકમની કરવામાં આવેલ ફિક્સ ડીપોઝીટની અસલ રસીદ જી.પી.આઈ.ડી. ફોજદારી મુકદ્દમા નં.૧૧/૨૦૧૯ ના કામે રજૂ કરવી.

**૪. અરજદાર સદર ગુનાના અનુસંધાને અત્રેની કોર્ટમાં ચાલતા ઉપરોક્ત કેસની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉપરોક્ત ફિક્સ ડીપોઝીટની રકમ કે તે પરના વ્યાજની રકમની માંગણી કરી શકશે નહીં.**

**૫.** અરજદારે હાલના ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી દર અઠવાડિયે ઉપરોક્ત ખાતામાં થયેલા વ્યવહારોનો ઉતારો તપાસ અધિકારી સમક્ષ રજૂ કરવાનો રહેશે અને તે અનુસંધાને અરજદારે અત્રેની કોર્ટ સમક્ષ સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

**૬.** આ હુકમની જાણ, માહિતી અને અમલવારી માટે સંબંધકર્તાઓને જરૂરી ચાદી કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખ**: ૧૨મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**

સત્ર ન્યાયાધીશ, સુરત

DPP [કોડ નં.જીજે૦૧૪૯૫]